૭૮૬
—
૯૨

"અલા ઈન્ન અવલીયા અલ્લાહે લા ખવ્ફુન
અલય હીમ વલા હુમ યહ ઝનુન"


[અર્થ :- ખબરદાર ! બેશક અલ્લાહના વલીઓ (દોસ્તો) ને ન તો કોઇ ડર હશે અને ન તેઓ ગમગીન થશે ]

— કુરઆને મજીદ

## હઝરત

# ઇમામે આઝમ

( રદીયલ્લાહો અન્હો )



: પ્રકાશક :

**હૈદરી કમિટી (સુન્ની), રાજકોટ**

: સંપાદક :

પીરઝાદા સૈયદ

દાદામિયાં શમ્સુદ્દિન કાદરી

મુ. રૂપાલ, તા. ધોલકા

વાયા; બાવલા, જી. અમદાવાદ

પીન, ૩૮૨૨૨૦



પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

**હૈદરી કમિટી (સુન્ની),**

ઠે. આઇ. એન. ઇસાણી

૧–કેવડાવાડી, રાજકોટ–૩૬૦ ૦૦૨.


---

૨૫ પૈસાની ટપાલ ખર્ચ ટિકીટ મોકલીને ઉપરના સરનામેથી આ કિતાબ મફત મેળવો.

---


આવૃત્તિ : પ્રથમ    પ્રત : ૨૦૦૦    પ્રકાશન નં. ૪૭

માહે : સફર    હી. : ૧૪૦૧    જાન્યુ.–૧૯૮૧

મુદ્રક : સત્સંગ પ્રિ પ્રેસ, રાજકોટ–૧

૭૮૬
૯૨

# -: પ્રસ્તાવના :-

## નહમદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ-કરીમ.

સઘળાં વખાણુ માત્ર રબ્બુલ આલમીન માટે, અસંખ્ય દરૂદો સલામ નાઝિલ થાય રહેમતુલલીલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર અને આપની આલ. અવલાદ અને અસહાબ પર.

દરેક માનવી રાહબરનો મોહતાજ છે. રાહબર સિવાય પોતાની મેળે કોઇ રસ્તો મેળવી શકતો નથી. જીવનના દરેક ક્ષેત્રમાં માનવીને નમુનાની જરુરત પડે છે. માનવીને આદર્શ માનવી બનવું હોય તો તેને આદર્શ જીવનના નમુનાની જરૂર પડે જ. જયારે તેની સામે એક સારૂ આદર્શ જીવન રજુ કરવામાં આવે અને તે નમુનાને માનવ જીવનના હર કદમ પર પોતાની સામે રાખે અને તેનું અનુકરણ કરે તો તે માનવી પણુ આદર્શ બની જાય છે.

અહીં હઝરત ઈમામે આઝમ અબુહનીફા (રદીયલ્લાહો અન્હો)ના મહાન આદર્શ જીવનની કેટલીક તેજસ્વી તેજ રેખાઓને રજુ કરવાની કોશિષ પાછળ મારો એ આશય છે

કે, આપણા ગુજરાતના **સુન્ની હનફી ભાઇઓ** પોતાના ઇમામ કે જેમની તેઓ તકલીદ કરે છે અને જેઓ હનફી મસલકના છે, તેઓને પોતાના ઈમામ વિશે જાણકારી મળે અને પોતાના જીવનના દરેક ક્ષેત્રે હઝરત ઇમામે આઝમ (રદિયલ્લાહો અન્હો)ના આદર્શ જીવનના નમુનાને નજરસમક્ષ રાખી પોતાની જિંદગીને સુધારવામાં મદદરૂપ બને. કેટલાક હનફી ભાઇઓને તો એ પણ ખબર નથી કે, આપણે હનફી કેમ કહેવાઇએ છીએ ? એટલે આ બાબતને મેં લક્ષ્યમાં લઇને મારી જુઝ સમજ અને અલ્પ ઇલ્મી હેસીયતથી આપણા ઇમામસાહેબના નુરાની જીવનની કેટલીક બાબતો રજુ કરવાની અલ્પ કોશીષ કરી છે.

આશા છે કે. વાંચક વર્ગ આ પુસ્તિકા પઢીને નાચીઝ ગુનેહગાર સંપાદકના હકમાં દુઆ કરશે અને જયાં કોઇ ક્ષતિ જણાય ત્યાં સુધારો કરીને મને જાણ કરે જેથી ફરીવાર તે ભુલ થવા ન પામે એજ વિનંતી સહ.


મુ. પો. રૂપાલ<br>
તા ધોલકા,<br>
વાયા : બાવલા,<br>
૩૮૨ ૨૨૦.

લી. ખાદીમે કૌમ,<br>
પીરઝાદા સૈયદ<br>
દાદામિયાં શમ્સુદ્દિન કાદરી<br>
તા. ૧-૯-'૮૦

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ.

"ફત્તબેઉ મિલ્લત ઇબ્રાહીમ હનીફા"

(અર્થ : (હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) ના તરીકાની પેરવી કરો જે ખુદાના (બતાવેલા) માર્ગ પર ચાલતા હતા.) —કુરઆને મજીદ

## હઝરત ઇમામે આઝમ અબુ હનીફા રદીયલ્લાહો અન્હો

**નામ, ખાનદાન અને વતન :-** આપનું નામ "**નોઅમાન**" કુન્નીયત : "અબુહનીફા" "**ઇમામે આઝમ**", આપનો લકબ છે આપના વાલિદ (પિતાજી) નું નામ સાબિત અને દાદાનું નામ ઝવતી છે.

આપના દાદા હઝરત ઝવતીએ ઈસ્લામ કબુલ કર્યો, ત્યાર પછી તેમને તેમના વતનવાળા (ઈરાનીઓ) અને કુટુંબીજનોએ ચેનથી રહેવા દીધા નહીં. ત્યારે આપે ન છુટકે વતનનો ત્યાગ કરીને હિ. સ. ૩૮માં પોતાના બીબી, બચ્ચાં અને ઘરનો માલ સામાન અને જે મુડી હતી તે સાથે લઈ મક્કાએ મુઅઝઝમા તરફ રવાના થયા માર્ગમાં જ્યારે ઇસ્લામી શહેરોમાંથી પસાર થતા ત્યારે દીને ઈસ્લામ વિષે જ્ઞાનમાં વધારો કરતા રહ્યા. કુફા પહોંચ્યા ત્યારે ઈસ્લામી શાનો-શૌકત, અઝમત અને જલાલતનો પુરો નકશો આપની સમક્ષ આવી ગયો. આ સમયે કુફા શહેર ખલીફાની રાજધાની હતી. હઝરત શેરે ખુદા મૌલા અલી

કર્રમલ્લાહુ વજહુલ કરીમ ઇસ્લામી આલમના ખિલાફતના પદે બિરાજમાન હતા.

હઝરત ઝવતીએ નક્કી કરી લીધું કે, આપણે હવે અહિંજ રહેવું અને છેવટે આપ ત્યાં જ રહ્યા. જીવન ગુજરાન માટે આપે કાપડનો વહેપાર શરૂ કરી દીધો. હઝરત ઝવતી અવાર-નવાર હઝરત અલી (રદીયલ્લાહો અન્હો) ની સેવામાં હાજર થતા અને ફૈઝ હાંસિલ કરતા હતા.

હિ. સ. ૪૦માં ઝવતીના ઘરમાં એક પુત્રનો જન્મ થયો. આપે તે દિકરાનું નામ "**સાબિત**" રાખ્યું નવજાત શિશુને આશિર્વાદ મેળવવા ખલીફતુલ મુસ્લમીન હઝરત અલી ( રદીયલ્લાહો અન્હો )ની પુનિત સેવામાં મોકલ્યું. હઝરતે બાળકના હકમાં દુઆએ ખૈર કરી અને તે બાળકને રવાના કર્યું.

. સાબિતનું બાળપણ પિતાના વાત્સલ્યમાં પસાર થયું પરંતુ થોડાક સમયમાંજ પિતાનું શિર છત્ર દુર થયું અને યતીમીનો દાગ લાગી ગયો. ધધામાં વહેપાર બાપના વારસામાં મળેલી મુડી હતી. જીવન સુખ શાંતિથી પસાર થવા લાગ્યું

હિ સ. ૮૦માં ચાલીસ વર્ષની ઉંમરે, હઝરત સાબિતના ઘરે ખુદાએ એક મહાન પુત્રની ભેટ આપી. માતા પિતાએ નવજાત બાળકનુ નામ '**નોઅમાન** રાખ્યું. આ તે જમાનો હતો કે, હુઝુર પુર નુર આકાએ નામદાર સરકારે દો આલમ

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ,) એ દુનિયાથી પરદો કર્યો માત્ર ૭૦ વર્ષ જ થયા હતા. હજુ તો ઘણા જલીલુલ કદ્ર સહાબાની હસ્તીઓ આ ફાની જગત પર મોજુદ હતી. જેવી કે હઝરત અનસબીન માલિક (રદ્દીયલ્લાહો અન્હો), હઝરત સુહેલ ઈબ્ને સઅદ અન્સારી (રદ્દીયલ્લાહો અન્હો), હઝરત અબુ તુફેલ આમીર બીન વાસેલાહ (રદ્દીયલ્લાહો અન્હો) વિગેરે.

હઝરત ઇમામે આઝમ અબુ હનીફા (રદ્દીયલ્લાહો અન્હો) એ બે મહાન સહાબીઓ : જેવા કે હઝરત અનસ બીન માલિક (રદ્દીયલ્લાહો અન્હો) અને હઝરત અબુ તુફૈલ આમેર (રદ્દીયલ્લાહો અન્હો)ની સોહબતમાં પણ રહ્યા છે. એટલે કે આપણા ઇમામ હઝરત ઇમામે આઝમ અબુ હનીફા [રદ્દિયલ્લાહો અન્હો] એ તે આંખોને જોઇ છે જે આંખોએ રહેમતુલલીલ આલમીન [સલ્લલ્લાહો અલયહે વસલ્લમ]ને જોયા હતા, એટલે આપ **તાબેઈ** થયા.

**પ્રાથમિક શિક્ષણ** :– હઝરત ઈમામે આઝમ (રદ્દીયલ્લાહો અન્હો) ની શરૂઆતની તાઅલીમ (શિક્ષણ) પોતાના ઘરમાંથીજ મેળવી છે. આપ થોડાક હોશિયાર થયા ત્યારે પિતાની સાથે દુકાન પર બેસવા લાગ્યા. હજી તો માત્ર ૧૬ વર્ષનીજ ઉંમર હતી અને આપના વાલીદ (પિતા) એ આ નાશવંત જગતનો ત્યાગ કર્યો [ઈન્ના લિલ્લાહે વ ઇન્ના ઈલયહે રાજેઊન] અને આપણા ઈમામ સાહેબે ધંધાની

સંપૂર્ણ જવાબદારી પોતે સ્વીકારીને એકલા હાથે વહેપાર કરવા લાગ્યા. આપનો સ્વભાવ માયાળુ, મિલનસાર અને મહેનત પ્રકૃતિના હોવાથી થોડાજ સમયમાં કારોબારમાં પ્રગતિના સોપાન સર કરી લીધા. ફકત દુકાન જ નહી આપે કાપડનું એક કારખાનું (મીલ) પણ બનાવી દીધુ અને ઝિંદગીના દહાડા ઘણાજ સુખ ચૈન અને આરામથી વ્યતિત કરવા લાગ્યા. એક વહેપારીમાંથી આપણા ઈમામ સાહેબ ટૂંક સમયમાંજ એક મોટા ઉદ્યોગપતિ બની ગયા.

**ઇલ્મની પ્રેરણા** :- એક વખતે ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) કોઇ કામ માટે બહાર જઈ રહયા હતા. રસ્તામાં કુફાના મહાન મશ્હુર આલીમ અને કાઝી અલ્લામાં શોઅલી (રદીયલ્લાહો અન્હો) થી મુલાકાત થઇ. હઝરત અલ્લામા કાઝી શોઅલી (રદીયલ્લાહો અન્હો) એ પુછયુઃ મિયા ! સાહેબઝાદા ! તમે કયાં જઇ રહયા છો ? આપે જવાબ આપ્યો. " ફલાણા સોદાગર પાસે ". કાઝી સાહેબે કહ્યું કે મારા પુછવાનો મતલબ એ હતો કે, તમે કોની પાસે તાઅલીમ મેળવવા જાવ છો ? ત્યારે આપે કહ્યું કે, હું તો કોઈની પાસે પણ જતો નથી !! હઝરત અલ્લામાં કાઝી શોઅલી (રદીયલ્લાહો અન્હો) એ ઘણુ જ વાત્સલ્ય પૂર્ણ ભાવથી કહ્યું કે, મને તમારામાં ઘણીજ કાબેલીયત નજર આવી રહી છે. તમે આલીમોની સોહબતમાં બેસો અને ઇલ્મે દીન હાંસિલ કરો. તમારામાં એ ગુણોનો ભંડાર મને દેખાઇ રહ્યો છે.

આ નસીહતની હઝરત ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) ઉપર ઘણી અસર થઈ, આપ પોતાના ઘરે આવ્યા. વાલેદાહ (અમ્મા સાહેબ) આગળ સંપૂર્ણ કિસ્સો કહી સંભળાવ્યો અને ઈલ્મ પ્રાપ્તિ માટે અમ્મા સાહેબા પાસે રજા માંગી, આપના વાલેદાહ (અમ્મા) તો પહેલાંથી જ ઈલ્મ અને અહેલે ઈલ્મના વાલેદાહ હતા. તેઓ ઈમામ સાહેબના આ ઈરાદાથી ઘણા ખુશ થયા અને રજા પણ આપી દીધી.

હઝરત ઈમામે આઝમ અબુ હનિફા (રદીયલ્લાહો અન્હો) એ શરૂઆતની (પ્રાથમિક) તાઅલીમ તો પોતાના ઘરમાંથી જ મેળવી હતી. હવે વધુ ઈલ્મ પ્રાપ્તિ માટે એટલે કે ફિકહ અને હદીષની વધુ જાણકારી મેળવવા કામિલ ઉસ્તાદની શોધમાં નિકળી પડયા.

આ જમાનામાં હઝરત **હમ્માદ** (રદીયલ્લાહો અન્હો) કુફાના મશ્હુર આલિમ અને તે સમયના મહાન ઉસ્તાદોમાંથી એક હતા. હદિષ અને ફિકહના મોટા જાણકાર હતા. તેઓના ઘરે એક મદ્રસો પણ ચાલતો હતો, જે કુફા શહેરનો સૌથી મોટો અને માન્યવર મદ્રસો ગણાતો હતો. આપણા ઈમામ સાહેબે ઉસ્તાદ માટે હઝરત હમ્માદ (રદીયલ્લાહો અન્હો) ની પસંદગી કરી લીધી અને હઝરત હમ્માદ (રદીયલ્લાહો અન્હો)ની સેવામાં હાજર થઈ ગયા. માત્ર બે વર્ષના ગાળામાં ફીકહની તાઅલીમમાં આપે પ્રવિણતા મેળવી લીધી અને

ઉસ્તાદના જાંનશીન બની ગયા મદ્રસામાં પણ આપનુ સ્થાન અગ્ર ગણાતું થઈ ગયું.

એક વખત હઝરત હમ્માદ (રદીયલ્લાહો અન્હો)ને કોઇ કારણસર બે મહીના માટે બસરા જવું પડ્યુ ત્યારે હઝરત હમ્માદ (રદીયલ્લાહો અન્હો) એ પોતાના ખાસ હોંશિયાર શાગીર્દ હઝરત ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) ને મદ્રસાના સંચાલનની જવાબદારી સોંપી. આ બે મહીના દરમિયાન હઝરત ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો)ની સમક્ષ જ્યારે ફીકહી મસઅલા આવતા ત્યારે આપ ખુદ તેનો ઉકેલ કરી જવાબ આપી દેતા અને તેની નોંધ રાખતા હતા; જ્યારે બે માસ પુરા થયા અને ઉસ્તાદ પાછા ફર્યા ત્યારે આપે કુલ ૬૦ મસઅલા અને તેના જવાબો રાખ્યા હતા. તે ઉસ્તાદ સાહેબને બતાવ્યા તો તેમાં ફકત ૨૦ મસઅલા-માંજ થોડીક ભુલ નીકળી; બાકીના તમામ મસઅલા બરાબર (સાચા) હતા. આવા ફીકહી મસઅલામાં ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] વિદ્યાર્થીવસ્થાથી જ કાબેલ હતા

ઈલ્મે ફિકહમાં પ્રવિણતા મેળવી લીધા પછી આપણા ઈમામ સાહેબે વિચાર્યુ કે, ફિકહનો દારોમદાર હદિષ શરીફ ઉપર છે. એટલે ઈલ્મે હદિષ પ્રાપ્ત કરવા હદિષના ઉસ્તાદની શોધમાં લાગી ગયા. હઝરત ઈમામે આઝમ [રદિયલ્લાહો અન્હો] એ જે મહાન બુઝુર્ગો પાસેથી ઈલ્મે હદિષ મેળવ્યું છે

તે બુઝુર્ગોના નામ આ પ્રમાણે છે.

(૧) હઝરત ઈમામ શોઅબી (રદીયલ્લાહો અન્હો)

(૨) હઝરત સુહેલ બીન કુહેલ (રદીયલ્લાહો અન્હો)

(૩) હઝરત મુહારબ બીન વસાહ (રદીયલ્લાહો અન્હો)

(૪) હઝરત અબુ ઈસ્હ઼ાક શોઅબી (રદીયલ્લાહો અન્હો)

(૫) હઝરત ઔન બીન અબ્દુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૬) હઝરત સીમાક બીન હરબ (રદીયલ્લાહો અન્હો)

[૭] હઝરત ઈબ્રાહીમ બીન મોહમ્મદ [રદીયલ્લાહો અન્હો]

[૮] હઝરત અદી બીન સાબીત [રદીયલ્લાહો અન્હો]

[૯] હઝરત મુસા બીન આસેહ [રદીયલ્લાહો અન્હો] વિગેરે.

આ તમામ બુઝુર્ગોમાં હઝરત ઈમામ શોઅબી [રદિયલ્લાહો અન્હો]નું નામ ઘણું મશહુર છે. હઝરત ઈમામે આઝમ [રદિયલ્લાહો અન્હો]એ આ બુઝુર્ગ પાસેથી ઘણું ઘણું હાસિલ કર્યું છે અને આપ તે બુઝુર્ગ હસ્તી છે કે જેમની નશીહતથી આપણા ઈમામ સાહેબમાં ઈલ્મ મેળવવાની તીવ્ર તલબ પેદા થઈ હતી.

હઝરત ઈમામ શોઅબી (રદીયલ્લાહો અન્હો) એ ૫૦૦ (પાંચ સો) સહાબીઓને જોયા હતા, અને તેઓની પાસેથી હદિસો સાંભળી પણ હતી, અને આપ ઘણા સમય સુધી કુફા શહેરના કાઝી પદે બિરાજમાન રહ્યા અને તમામ ખલીફાઓએ આપની ઈજ્જત કરી છે. હિ. સ. ૧૦૬ માં

હઝરત શોઅબી (રદીયલ્લાહો અન્હો) વફાત પામ્યા. [ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન].

## મક્કાએ મોઅઝ્ઝમા તરફ રવાનગી

કૂફા અને બસરાથી ઈલ્મે હદિષ અને ફીકહ મેળવી લીધા પછી ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) ને વધુ ઈલ્મની ધગશ પૈદા થઈ અને હવે આપની નઝર હરમૈન શરીફૈન તરફ દોડી અને આપ તે બાજુ રવાના થયા. આ સમયે આપની ઉંમર ફક્ત ૨૪ વર્ષની હતી.

જ્યારે ઈમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો) મક્કા શરીફ પહોચ્યા ત્યારે તાઅલીમી કાર્ય જોર શોરથી ચાલી રહ્યું હતુ. ઘણા સારા સારા ઉચ્ચ કક્ષાના આલીમો પોત પોતાની દર્સગાહોમાં વિદ્યાર્થીઓને તાઅલીમ આપી રહ્યા હતા. કારણ કે આ સમયના તમામ વિદ્વાનોએ મહાન સહાબાઓથી હદિષો સાંભળી હતી. હઝરત અતા બીન અબી રબાહ (રદીયલ્લાહો અન્હો) મક્કાના તમામ વિદ્વાનો માં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા અને સાચા અર્થમાં આપ તે વખને ઉસ્તાદોના ઉસ્તાદ હતા.

ઈમામ આઝમ (રદીયલ્લાહો અન્હો) એ હઝરત અતા બીન અબી રબાહ (રદીયલ્લાહો અન્હો)ના મદ્રસામાં દાખલ થવું વધુ યોગ્ય જાણ્યુ અને આપ હઝરત અતા (રદીયલ્લાહો અન્હો ની પાસે ગયા અને તેમની દર્સગાહમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા માટે પરવાનગી માગી. હઝરત અતા

[રદીયલ્લાહો અન્હો] એ તેમનું નામ અને અકીદો પુછયો! ઇમામ સાહેબે યોગ્ય ઉત્તર આપ્યા અને ઉસ્તાદે પોતાના શિષ્ય મંડળમાં આપને સ્થાન દીધું. ટૂંક સમયના ગાળામાં આપે પોતાની ઇલ્મી શકિતની શાન બતાવી આપી. હઝરત અતા [રદિયલ્લાહો અન્હો] સિવાય બીજા ઘણા બુઝુર્ગો પાસેથી આપે ઇલ્મે હદિષ પ્રાપ્ત કર્યું છે જેમાં હઝરત અકરમહ [રદીયલ્લાહો અન્હો] નું નામ પણ મોખરાનું સ્થાન ધરાવે છે.

હઝરત અકરમહ [રદીયલ્લાહો અન્હો] એ મહાન સહાબી જેવા કે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ [રદીયલ્લાહો અન્હો], હઝરત અલી [કરમલ્લાહો વજહુ], હઝરત અબુ હુરૈરાહ [રદીયલ્લાહો અન્હો], હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર [રદીયલ્લાહો અન્હો], હઝરત જાબીર [રદીયલ્લાહો અન્હો] અને હઝરત અબુ કતાદાહ [રદીયલ્લાહો અન્હો] ની પાસેથી હદિષો સાંભળી હતી.

## મદીનાએ મુનવ્વરાહ તરફ પ્રયાણ

મકકાએ મોઅઝઝમાથી ઇલ્મો - ઇર્ફાનની મોટી દૌલત કમાઇને ઇમામે આઝમ અબુ હનીફા [રદિયલ્લાહો અન્હો] એ મદીનાએ મુનવ્વરા તરફ પ્રયાણ કર્યું. હુઝુર પુર નૂર સરકારે દો આલમ, રહેમતુલ લીલ આલમીન, શફીઉલ મુઝનબીન હઝરત અહેમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા

[સલ્લલ્લાહો અલયહે વસલ્લમ]ના રોઝે મુબારક પર હાજર થયા. ત્યાર બાદ મદીના શરીફના ઉલ્માઓની મુલાકાતે ગયા. સૌ પ્રથમ ખાનદાને એહલે બૈતના ચમકતા તારા સમા પાંચમા ઇમામ હઝરત ઈમામ મોહમ્મદ બાકીર [રદીયલ્લાહો અન્હો] થી મળ્યા. ઈમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] હઝરત ઇમામ મોહમ્મદ બાકીર [રદિયલ્લાહો અન્હો]ની ખિદમતમાં રહી આપની પાસેથી ફૈઝ મેળવ્યો અને આપની વફાત બાદ તેમના સાહેબઝાદ અને છઠ્ઠા ઇમામ હઝરત જઅફર સાદિક [રદીયલ્લાહો અન્હો]ની સેવામાં પણ આપણા ઇમામ સાહેબ હાજર રહી તેઓથી પણ ઘણા ફૈઝયાબ થયા. ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] ને હઝરત ઇમામ જઅફર સાદીક [રદિયલ્લાહો અન્હો]થી ઘણી જ અકીદતમંદી હતી. આપ તેમના વાઅઝમાં અચુક હાજર રહેતા અને ઇમામે આઝમ અબુ હનીફા [રદીયલ્લાહો અન્હો] ફરમાવતા કે "ઇલ્મે હદિષ, ફિક્હ બલ્કે તમામ ઈલ્મ એહલે બૈત એટલે સાદાતે કિરામના ઘરોમાંથી નિકળ્યા છે".

આપણા ઈમામ સાહેબ જ્યારે જ્યારે હરમૈન શરીફ તશરીફ લઈ જતા ત્યારે ત્યારે આપ મહીનાઓ સુધી ત્યાં રોકાણ કરતા હતા, અને તે સમયના એહલે બૈત, ઉલ્માએ કિરામ અને અઇમ્માએ કિરામની મહેફીલોમાં હાજરી આપી તેઓથી જાહેરી અને બાતેની ફૈઝ હાંસિલ કરતા હતા. જો કે હવે ઇમામ સાહેબને ઇલ્મી પ્રાપ્તીની

જરૂરત નહોતી જણાતી તેમ છતાંય આપ પોતાની જાતને હમેશાં તાલીબે ઇલ્મ સમજતા હતા.

ઇમામ સાહેબે કુફામાં પોતાની જુદી કોઈ દર્સગાહ બનાવી ન હતી. પરંતુ પોતાના ઉસ્તાદ હઝરત હમ્માદ [રદીયલ્લાહો અન્હો] ની દર્સગાહમાં જ આપ તાઅલીમી કાર્ય કરતા રહ્યા.

હિ. સ. ૧૨૦માં જ્યારે હઝરત હમ્માદ [રદીયલ્લાહો અન્હો] એ આ ફાની જગતથી વિદાય લીધી ત્યારે તેમના તમામ વિદ્યાર્થીઓએ મળીને હઝરત ઈમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો)ને હઝરત હમ્માદ (રદીયલ્લાહો અન્હો) ના જાંનશીન તરીકે ચુંટી લીધા અને તેઓની ગાદી પર આપને સ્થાન આપ્યું. થોડા જ સમયમાં ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) ની કાબેલીયત અને ઈલ્મી તાઅલીમના યશના ગુણગાન દૂર દૂર સુધી થવા લાગ્યા. તેથી દૂર દૂરથી તાલીબે ઇલ્મ (વિદ્યાર્થી) આપની દર્સગાહમાં ઇલ્મ હાંસલ કરવા માટે આવવા લાગ્યા અને આપનું શિષ્ય પરિવાર વિજળી વેગે વધવા લાગ્યું.

## ઈબાદત અને પરહેઝગારી

આપણા ઈમામ હઝરત ઇમામે આઝમ અબુ હનીફા [રદીયલ્લાહો અન્હો] બહુ જ મોટા આબીદ, પરહેઝગાર, અને અલ્લાહના મહાન વલીઓમાંથી આપ પણ એક વલીઅલ્લાહ હતા.

## તાસીરે કુરઆન

આપણા ઇમામ સાહેબ ઘણી વખત નમાઝમાં કે નમાઝ સિવાય જ્યારે કુરઆને પાકની તિલાવત કરતાં ત્યારે આપ એવા લાગણીશીલ થઇ જતાં કે તીલાવત કરતાં કરતાં ધ્રુસકે ધ્રુસકે રડી ઉઠતા હતા. એક વખત આપ નમાઝમાં મુકતદી હતા. ઈમામે નમાઝમાં સુરએ ઈઝાઝુલ ઝીલનીત અર્દોની કીરાઅત શરૂ કરી. આ સુરતમાં કયામતનું બયાન હોવાથી આપના પર એવી અસર થઇ કે આપ નમાઝમાં રડી ઉઠયા અને નમાઝ પછી પણ આપની હાલત એજ પ્રમાણે રહી. આવી પુર અસર ઈબાદત આપણા ઇમામ સાહેબનાં હતી.

## ૬૧ વખત કુરઆને પાકનો ખતમ

દર રમઝાનુલ મુબારકમાં ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] કુરઆને પાકનો ખતમ ૬૧ વખત કરતા હતા. એ એવી રીતે કે દરરોજ દિવસે એક ખતમ કરતા અને રાત્રે એક ખતમ કરતા. એટલે ૩૦ દિવસમાં ૬૦ વખત થતું અને આખા મહિના દરમ્યાન તરાવીહની નમાઝમાં એક ખતમ કરતા એટલે કુલ ૬૧ વખત કુરઆને શરીફનો ખતમ રમઝાન શરીફમાં થતો હતો.

## ઇમામ સાહેબનું રાત્રિ જાગરણ

આપણા ઇમામ સાહેબ રાતભર ઇબાદતે ઈલાહીમાં મશગુલ રહેતા હતા. દરરોજ રાત્રે ૩૦૦ રકાત નફીલ નમાઝ પઢતા હતા. ઈશાની નમાઝની વઝુથી ફજરની નમાઝ અદા

કરતા હતા. એવી રીતે કે ઇશાની નમાઝના વઝુ પછી ઈબાદતમાં ફજરની નમાઝ સુધી પ્રવૃત રહેતા એટલે ફઝરની નમાઝ માટે બીજા વઝુની જરૂરત રહેતી નહોતી.

એક વખતે આપે કોઇ બે માણસોને એવી વાતચીત કરતાં સાંભળ્યા કે, ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] તો રાતભરમાં ૫૦૦ રકાત નફીલ અદા કરે છે તો આપે તે દિવસથી ૫૦૦ રકાત નફીલ પઢવાની શરૂઆત કરી દીધી

## પરહેઝગારીનો કમાલ

ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] એક વખત એક મહોલ્લામાં મૈય્યત થઈ જવાથી તેની જનાઝાની નમાઝ માટે મૈયતવાળા ઘરે ગયા. ત્યાં ઘણાં બધાં માણસો હાજર હતા. તમામ બહાર ઉભા હતા. સખત ઉનાળાનો દિવસ હતો. ક્યાંય ઉભા રહે એવો છાંયડો હતો નહીં. માત્ર એક ઘરની દિવાલનો છાંયડો હતો. લોકોએ ઇમામ સાહેબને વિનંતી કરી કે હઝરત આપ આ દિવાલના છાંયડામાં આવી જાવ, ગરમી પુષ્કળ છે. આપે જવાબ આપ્યો કે મને આ દિવાલના છાંયડાંમાં ઉભા રહેવાનો હકક નથી કારણ કે આ દિવાલવાળો મકાન માલિક મારી પાસેથી થોડાક નાણા ઉધાર લઇ ગયો છે આપણા પ્યારા નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે કે જેને તમે કાંઇ કરજ [ઉધાર] આપો તો તેની કોઇ પણ વસ્તુનો ઉપયોગ પોતાની જાત

માટે ન કરો. રખેને તેની ગણતરી સુદમાં થાય તો ?.

અય હનફીઓ ! આપણા ઈમામ સાહેબની પરહેઝગારીની હદ કયાં સુધીની છે તે તો જરા જુઓ અને આજે આપણે કયાં છીએ એનો વિચાર કરો !!.

## યા ઇમામુલ મુસ્લેમીન

હઝરત ઇમામે આઝમ અબુ હનીફા [રદીયલ્લાહો અન્હો] હુઝુર પુર નૂર સરકારે મદીના [સલ્લલ્લાહો અલયહે વસલ્લમ]ની ઝયારત અર્થે મદીનાએ મુનવ્વરા પહોંચ્યા અને રોઝાએ મુબારક પર બા અદબ હાજીર થઈને અરજપૂર્વક આ રીતે સલામ મોકલી.

**"અસ્સલામો અલયકુમ યા સૈય્યદુલ મુરસલીન"**

તો રોઝા મુબારકની અંદરથી જવાબ આવ્યો :–

**"વ અલૈકુમુસ્સલામ યા ઇમામુલ મુસ્લેમીન"**

આ કિસ્સા પરથી જાણવા મળે છે કે, આપણા આકા અને મૌલા હુઝુર નબીએ કરીમ [ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ] **"હયાતુન્નબી"** છે. ગુલામોની સદા સાંભળે છે, સલામનો જવાબ આપે છે. બીજું આપણા ઈમામ હઝરત ઇમામે આઝમ અબુ હનીફા નોઅમાન બીન સાબીત [રદીયલ્લાહો અન્હો] મુસલમાનોના ઇમામ છે. કારણ કે ખુદ પયગમ્બરે ઇસ્લામ પણ આપને સલામના જવાબમાં મુસલમાનોના ઈમામ કહીને સંબોધે છે.

## શર્મો-હયા

એક વખત આપ નાહવા માટે ગયા. ગુસલખાના પર આપે એક નગ્ન માણસને નાહતા જોયો. જ્યારે તે નગ્નને જોયો કે તરતજ આપે પોતાની આંખો બંધ કરી દીધી. પેલા નગ્ન માણસે આપની મઝાક કરતાં કહ્યું કે તમારી આંખો કયારથી ચાલી ગઈ? આપે તરતજ જવાબ આપ્યો કે, જ્યારથી તારી પાસેથી શર્મો-હયા (લજ્જા) ચાલી ગઇ ત્યારથી.

## નખભર માટી

ઈમામ સાહેબ એક વખત બજારમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે નખભર માટી (થોડીક જ) આપના કપડાને ઉડીને લાગી ગઇ. આપ તે જ સમયે દજલા નદીના કિનારે ગયા અને તે નખભર માટી (કાદવ)ને ઘસી ઘસીને ધોવા લાગ્યા ત્યારે જોનારાઓમાંથી કોઇએ કહ્યું કે "હઝરત આટલી નાની સરખી નાપાકીને તો આપે આટલી બધી નાપાક તમારા ફતવામાં બતાવી નથી કે જેટલી આપ તેને નાપાક સમજીને ઘસી ઘસીને ધોઈ રહ્યા છો"? ત્યારે પેલા માણસને ઈમામ સાહેબે જવાબ આપ્યો કે તમે કહો છો તે બરાબર છે પરન્તુ **"એ ફતવો છે અને આ તકવો છે."**

આ છે ઈમામ સાહેબના તકવાનો કમાલ

## દયાનો દરિયો

હઝરત શકીક ફરમાવે છે કે હું એક વખત હઝરત ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો)ની સાથે જઇ રહ્યો હતો.

રસ્તામાં એક માણસ આપને જોઈને સંતાઇ ગયો અને બીજા રસ્તે ચાલતો થયો. જ્યારે ઇમામ સાહેબને ખબર પડી તો આપે તેને બોલાવ્યો અને પુછયું કે કેમ તું સતાતો ફરે છે અને અમને જોઇને રસ્તો બદલી જાય છે ? પેલા માણસે જવાબ આપ્યો કે, હું આપનો કરજદાર છુ. મેં આપની પાસેથી દશ હજાર દિરહમ ઉધાર લીધા છે. જેને ઘણો સમય વિતી ગયો છે અને હું આપને આપી શકયો નથી. મારી હાલત ઘણીજ નાજુક છે. હું અત્યંત ગરીબીની હાલતમાં જીવન ગુજારી રહ્યો છું. હું આપથી શરમાઇ રહ્યો છુ કે. આપના લીધેલા નાણાં હજુ સુધી પરત કરી શકયો નથી.

આ માણસની આવી મજબુરી ભરી વાત સાંભળીને ઈમામ સાહેબે કહ્યું કે, મારા કારણે તારી આ હાલત થઈ છે. જા મેં મારા નાણા તને બક્ષી દીધા. હવે તું મારો દેવાદાર નથી. તારે જરા પણ ચિંતા કરવાની નહી. મે તને બક્ષીસ આપી દીધી છે અને જે ખોફ (બીક) તને મારા કારણે પૈદા થઇ છે. તો તું હવે મને મઆફ કરી દે.

સુબહાનલ્લાહ ! આનું નામ દરિયા દિલી. આપણા ઇમામ સાહેબનું દિલ દયાના દરિયા જેવું હતુ. આપે હજારો દિરહમના કરજદારને બક્ષીસ આપી દીધી છે.

## ઇમામ સાહેબની ઉદારતા

વહેપાર અને કમાણીની પાછળ આપણા ઇમામ સાહેબનો

મુખ્ય હેતુ જરૂરતમંદોની જરૂરત પુરી કરવાનો હતો. આપ પોતાના સમયના આલીમો અને મોહદ્દીષોની પુરેપુરી ઈમદાદ કરતા હતા. જરૂરતવાળા વિદ્યાર્થીઓને પણ આપ પોતાની દોલતમાંથી તેમની જરૂરત પુરી પાડતા હતા. આપે પોતાની આવકમાંથી અમુક હિસ્સો દીની બુઝુર્ગો અને ઉલમાઓ માટે નક્કી કરી રાખ્યો હતો. આપ તેઓનો હિસ્સો (ભાગ) હિસાબ પ્રમાણે બરાબર તેમને પહોંચાડતા હતા. આવા અનહદ ઉદાર દીલ આપણા ઈમામ સાહેબ હતા.

## ન્યાય અને ઈમાનદારી

એક વખત એક ઔરત કિંમતી કાપડનો તાકો લઈને આવી. ઈમામ સાહેબને કહેવા લાગી હઝરત મને આનું વેચાણ કરાવી આપો. આપે તે બાઈને પુછ્યું શી કિંમતમાં આ તાકો તમારે આપવો છે. બાઈએ કહ્યું તેના ૧૦૦ દિરહમ જોઈએ છે. ઈમામ સાહેબે કહ્યું આતો કાપડ ઊંચી જાતનું છે. આ કિંમત ઓછી છે. તેની વ્યાજબી (યોગ્ય) કિંમત બતાવો. પછી બાઈએ કહ્યું કે ત્યારે ૨૦૦ દિરહમ આપો. ત્યારે ઈમામ સાહેબે તાકો વેચવા આવનાર બાઈને કહ્યું કે તમારૂ કાપડ ઘણુંજ કિંમતી છે. તેના ૫૦૦ દિરહમ તો ઉપજે એટલે લો આ તમારા ૫૦૦ દિરહમ અને આપે તે તાકો લીધો.

કેટલા બધા ઈન્સાફ (ન્યાય) પસંદ આપણા ઈમામ હતા અને તેથી જ તો આપણા કારોબારમાં દિન-

પ્રતિદિન પ્રગતિ વધતી ગઈ અને આપ એક મહાન ઉદ્યોગપતિ બની ગયા.

## ઇમામ સાહેબની ફરાસત

કેટલાક છોકરા દડાથી રમી રહ્યા હતા. રમતા રમતા દડો હઝરત ઈમામે આઝમ (રદ્દીયલ્લાહો અન્હો)ની મહેફીલમાં આવીને પડયો પણ કોઈ છોકરાની હિમ્મત ચાલી નહી કે ઈમામ સાહેબની પાસે જઈને દડો લઈ આવે. બધાજ બીતા હતા કે આટલા મોટા માણસોની મહેફીલમાં જઈને દડો લઈ આવવો એ તો બે અદબી ગણાય. એટલે કોઇ પણ આગળ આવવા તૈયાર થયુ નહીં.

પરન્તુ એક છોકરો ઉભો થયો અને બે અદબીથી મજમામાં જઈને દડો લઈ આવ્યો ત્યારે ઈમામ સાહેબે ફરમાવ્યું કે આ છોકરો હલાલી નથી અને સાચેજ જ્યારે લોકોએ પુછપરછ કરી તો જાણવામાં આવ્યું કે તે છોકરો હલાલની ઔલાદ ન હતો. ઇમામ સાહેબે કહ્યું કે જો તે હલાલનો હોત તો આવી બેઅદબી અને બે શરમ આપણી વચ્ચેથી દડો લઈ ન જાત, હલાલની ઔલાદમાં શર્મો-હયા હોય છે અને હરામમાં હોતી નથી.

આ વાકેઆ પરથી આપણા ઈમામે આઝમ (રદ્દીયલ્લાહો અન્હો)ની નઝર (ફરાસત) કેટલી રફઅત ધરાવે છે તે જાણવા મળે છે.

# ગુમ થયેલો ખજાનો

એક માણસે પોતાનો માલ (ખઝાનો) કયાં દાટયો છે એવું પોતે દાટીને ભૂલી ગયો હતો. તેને યાદ આવતું નહતું. આ માણસ હઝરત ઈમામે આઝમ (રઝીયલ્લાહો અન્હો)ની ખિદમતમાં હાજર થઇ, અરજ કરવા લાગ્યો કે, હઝરત હું મારી દોલત જમીનમાં દાટીને ભૂલી ગયો છું કે કઈ જગ્યાએ દાટી છે તે યાદ આવતું નથી. તો મને યાદ આવે તેવો કોઈ ઉપાય મને બતાવો આપે તે વ્યક્તિને કહ્યું કે જા આજે રાતભર નમાઝ પઢયા કર, તને તારો ખજાનો યાદ આવી જશે. આ માણસ ઘરે આવી રાત્રે નમાજ પઢવાની શરૂઆત કરી દીધી થોડીક રકાતો પઢીને તેનો ખઝાનો કયાં છે તેવું તેને યાદ આવી ગયું. આ માણસ તો ઘણો ખુશ ખુશ થઇ ગયો અને સવારે હઝરતની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે આપે આ ઉપાય કેવી રીતે બતાવ્યો ?

ઈમામ સાહેબે કહ્યું કે. મને ખાત્રી હતી કે શયતાન તને આખી રાત નમાઝ નહીં પઢવા દે અને તને નમાઝથી ગાફીલ કરવા તારો ખઝાનો યાદ દેવરાવશે. એટલે મેં તને આ ઉપાય બતાવ્યો પણ અફસોસ! કે તુ રાતભર નમાઝ ન પઢયો, જો ખુદાનો શુક્ર અદા કરતો રહ્યો હોત તો ઘણું સારું થાત.

આ કિસ્સામાં આપણા ઇમામ સાહેબનાં અથાગ ઈલ્મ અને ઊંડી સમજ કેટલી તીવ્ર છે તે જોવા મળે છે.

## "મરઘીનું ઈંડુ"

એક માણસે સોગંધ ખાધા કે હું મરઘીનું ઈંડુ નહીં ખાઉ પરંતુ મારા મિત્રના હાથની બાહ્ય (આસ્તિન) માંથી જે નીકળશે તે જરૂર ખાઇશ. જોગાનુજોગ મિત્રની બાહ્ય માંથી મરઘીનું ઈંડુ નિકળ્યું, હવે શું કરવું ? આ ભાઇ તો ફસાયા. જો ઈંડુ ખાય તો કસમનો ભંગ થાય અને ન ખાય તો શરત તો હતી કે દોસ્તની આસ્તીનમાંથી જે નકળે તે ખાવું. તો આ શરત પણ તુટે એટલે આ ભાઈ મુજવણમાં પડી ગયો અને તેના ઉકેલ માટે છેવટે હઝરત ઇમામે આઝમ (રદિયલ્લાહો અન્હો) પાસે આવે છે. પોતાની મુંજવણ રજૂ કરે છે.

આપણા ઇમામ સાહેબ ફરમાવે છેઃ- જા તુ આ ઇંડાને મરઘીના નીચે મુકી આવ અને જયારે તેમાંથી બચ્ચુ પૈદા થાય ત્યારે તે બચ્ચાને હલાલ કરી ખાઇ લેજે એટલે તારી કસમનો ભંગ પણ નહી થાય અને શરત પણ નહીં તુટે. આ માણસ તો હઝરતના બતાવેલા માર્ગથી રાજી રાજી થઈ ગયો અને ખુશ ખુશ થઈને ઘેર ગયો.

આ છે આપણા ઇમામ સાહેબના ઇલ્મનો કમાલ.

## દુલ્હનોની ફેર બદલી

એક માણસે પોતાના બે દિકરાઓની શાદી બીજા માણસની બે દિકરીઓ સાથે કરી અને બીજા દિવસે દાઅવતે વલીમાહમાં શહેરના તમામ ઉલ્માઓ અને દિની બુઝર્ગો

તેમજ હઝરત ઈમામે આઝમ (રદ્દીયલ્લાહો અન્હો)ને પણ જમવાનું આમંત્રણ આપ્યુ. નકકી સમયે દરેક આમંત્રિત મહેમાનો જમવા હાજર થઈ ગયા પરંતુ આ વખતે પેલા બન્ને દિકરાઓનો બાપ એક બહુ મોટી મુંઝવણમાં ફસાયો હતો. એ બિચારો પરેશાન હાલ હતો. તેની મુશ્કેલી એવી હતી કે કહેવાય નહીં અને સહેવાય પણ નહીં.

વાત એવી બની ગઈ કે શાદીની પહેલી રાત્રે જયારે દુલ્હા દુલ્હનને મળવા જાય છે તે રાત્રે બન્ને ભાઈઓની દુલ્હનોમાં ફેર બદલી થઇ ગઇ હતી. નાનાની દુલ્હન મોટાના રૂમમાં આવી ગઈ અને મોટાની દુલ્હન નાનાના રૂમમાં આવી ગઇ. એક મોટી ભૂલ થઇ ગઇ હવે થાય શું ? દિકરાના બાપની ચિંતાની કોઇ હદ નહી રહી. તેણે હાજર રહેલા તમામ ઉલ્માઓની સમક્ષ આ વિકટ મસઅલાને હલ કરવા વિનંતી કરી. પણ કોઇ યોગ્ય ઉત્તર આપી શકયા નહીં.

છેવટે તે આપણા ઈમામ હઝરત અબુ હનીફા (રદ્દીય-લ્લાહો અન્હો ની પાસે આવ્યા અને પોતાની મુશ્કેલી રજુ કરી. આપે તેને ખાત્રી આપી કે જાવ તમારો પ્રશ્ન ઉકલી જશે. ચિંતા ન કરો અને કહ્યુ કે તમારા બન્ને દિકરાઓને મારી પાસે મોકલો. બન્ને દુલ્હાઓ હઝરતની ખિદમતમાં હાજર થાય છે.

ઈમામ સાહેબે બન્ને ભાઇઓને પુછ્યુ કે તમારી પાસે

રાત્રે જે દુલ્હન આવી તે તમને પસંદ છે. બન્ને ભાઈઓએ કહ્યું હા પસંદ છે. ત્યારે ઇમામ સાહેબે કહ્યુ કે તમે બન્ને તમારી બીબીઓ જેના સાથે શાદી થઇ તેને તમો બન્ને તલ્લાક આપી દો અને પછી તમારી પાસે રાત્રે જે દુલ્હન આવી છે તેની સાથે નિકાહ કરી લો. પેલા બન્ને ભાઈઓએ એ પ્રમાણે કર્યું. પોતાની ઔરતને એક બીજાએ તલ્લાક આપી દીધી અને જે ઔરત તેના કમરામાં આવી હતી તેઓની સાથે નિકાહ (શાદી) કરી લીધા. અહિંયા તેઓ બન્ને ઉપર ઇદ્દત વાજીબ નહોતી કારણ કે તેઓએ સોહબત નહોતી કરી એટલે તેમનો ત્યાંજ નિકાહ પણ થઇ ગયો.

ઉપરોકત મસઅલાને હલ કરવા અચ્છા અચ્છા આલીમો પીછે હઠ કરી ગયા હતા એવા મુશ્કેલ ભર્યા પેચીદા સવાલને આપણા ઇમામસાહેબે પળવારમાં હલ કરી દીધો છે. શુ આપના અથાગ ઇલ્મનો આ કમાલ ન કહેવાય ?

## 'ચોર શોધવાની રીત'

એક વ્યકિતના ઘરમાં રાત્રે ચોર ઘુસી ગયા. મકાન માલિક જાગી ગયો અને ચોરને જોઈ ગયો. ચોર બિચારા ગભરાયા કે હવે આપણે પકડાઇ જશું. આ મકાન માલિક બુમરાણ કરશે અને તમામ લોકો જાગી ઉઠશે એટલે ચોરોએ એક યોજના ઘડી કાઢી કે આ મકાન માલિકને પકડીને તેને એક એવા સોગંધ ખવરાવીએ કે તે આપણને ચોર તરીકે જાહેર કરે નહીં.

ચારોએ મકાન માલિકને પકડયો અને ધમકી આપી કે ખબરદાર ! જો અવાજ કર્યો છે તો નહીતર જાનથી મારી નાખીશુ અને સવાર પડે તો તારે કોઇને પણ અમારી જાણ નહીં કરવાની અને પોલીસમાં ખબર પણ નહીં આપવાની અને અમે ચોર છીએ એવું તારે કોઈને કહેવાનું પણ નહીં. માટે તું જો તારી સલામતી ચાહતો હોય તો અમારી રૂબરૂ એવા સોગંદ ખા કે, "જો હું તમને મારા ચોર છો એવું જાહેર કરું તો મારી પત્નીને ત્રણ તલ્લાક."

મજબુર મકાન માલિકે જાનની સલામતી ખાતર આ પ્રમાણે કસમ લઈ લીધી. હવે શું થાય ? સવાર પડી પણ બિચારો આ લાચાર હતો. કાઝીની ઓફીસમાં કેસ દાખલ ન કરી શકે કારણ કે પોલીસની સમક્ષ કહેવું પડે કે ફલાણાએ મારે ત્યાં ચોરી કરી છે. એટલે આની હાલત ઘણીજ કફોડી હતી.

બિચારો આ નિરાશ મકાન માલિક પોતાની આ મુશ્કેલી હઝરત ઈમામે આઝમ અબુહનીફા ને (રદીયલ્લાહો અન્હો) કહેવા લાગ્યો અને હવે શું કરવું તેના માટે આપની સલાહ લેવા લાગ્યો.

હઝરત ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) પાસેથી આજ સુધી કોઈ નિરાશ થઈને પાછુ ફર્યું નથી. આપે દરેકની મુશ્કેલી દુર કરવામાં મદદ કરી જ છે. આપે ફરમાવ્યુ કે આ શહેરમાં જેટલા ચોર, ગુંડા અને ગુનેહગાર માણસો છે

તેઓને એક મોટા મકાનમાં ભેગા કરવામાં આવે અને ત્યાર બાદ એક દરવાજાથી એક એકને વારાફરતી રજા આપવામાં આવે. જયારે આ ચોર દરવાજામાંથી બહાર નીકળે ત્યારે તમારે દરવાજા પાસે ઉભા રહેવું અને જે ચોર તમારે ત્યાં ન આવ્યો હોય તો તમારે કહેવું કે આ મારો ચોર નથી. પણ જયારે તમારો ચોર આવે તો તમારે કાંઈ પણ બોલવું નહી, ખામોશ રહેવું. એટલે એ વખતે સમજી લેવામાં આવશે કે આ તમારો ચોર છે અને એ રીતે તમારા ચોર પકડી લેવામાં આવશે આ યોજનાથી પેલો મકાન માલિક ખુબ ખુશ થયો અને એક દિવસ એમ કરવામાં આવ્યું. જે ચોર તેમના ન હતા તેમને તે કહેતો કે આ મારા ચોર નથી. પણ જે તેના ચોર હતા ત્યારે તે ચુપ (ખામોશ) રહેતો. એટલે પોલીસ તરતજ તેને પકડી પાડતી હતી. આથી તેની કસમનો ભંગ પણ ન થયો અને ચોર પકડાઈ ગયા.

ફખ્ર છે અમોને આવા મહાન ઈલમનો ખઝાનો ધરાવનાર ઇમામ સાહેબની તકલીદ કરવામાં.

## મોરનો ચોર

હઝરત ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) ના એક પાડોશીના મોરની ચોરી થઇ. તે હઝરત ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) પાસે આવીને ચોરીની વાત કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હઝરત ચોર હાથ આવતો નથી. આ વાત સાંભળ્યા પછી ઈમામ સાહેબે મસ્જીદમાં

નમાઝ પછી દરેક મુસલ્લીને બેસાડીને તકરીર કરી વાએઝમાં આપે કહ્યું કે, એવા પણ લોકો અહીંયા હાજર છે જેઓના માથા પર પોતાના પાડોશીના ચોરેલા મોરના પીંછા દેખાઈ રહ્યા છે અને આવા લોકો નમાઝ માટે મસ્જિદમાં પણ આવે છે. જ્યારે ચોરે આ વાત સાંભળી કે તરત જ તેણે પોતાનો હાથ માથા ઉપર ફેરવ્યો અને જેમ તેણે આ રીતે કર્યું કે તરત જ તેને પકડી પાડયો અને કહ્યું કે તેં જ મોરને ચોર્યો છે. પેલાએ ચોરીની કબુલાત કરી અને ઘરે જઈને મોર પાછો લઈ આવ્યો અને તેના અસલ માલિકને સોંપી દીધો.

આપણા ઈમામ સાહેબની સુઝ અને સમજ ખરેખર બેમિસાલ છે. આવા અનેક કિસ્સા તેના પુરાવા બને છે.

## એકાંતમાં ઇમામ સાહેબ

હઝરત ફુઝેલ (રહમતુલ્લાહ અલૈહ) હઝરત ઇબ્રાહીમ અદહમ (રહમતુલ્લાહ અલૈહ), હઝરત બસર હાફી (રહેમતુલ્લાહ અલૈહ) અને હઝરત દાઉદ તાઈ (રહેમતુલ્લાહ અલૈહ) જેવા મહાન અવલીયા અલ્લાહ, હઝરત ઈમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો) ના વિદ્યાર્થી મંડળના ચમકતા સિતારાઓ ગણાય છે.

હઝરત દાઉદ તાઈ (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે હું મારા ઉસ્તાદની ખિદમતમાં ૨૦ વર્ષ રહ્યો છું. આ વીસ વર્ષ દરમ્યાન મેં કોઇપણ વખતે એકાંતમાં પણ હઝરત

ઇમામે આઝમ [રદીયલ્લાહો અન્હો] ને ઉઘાડા માથે જોયા નથી અને એકાંતમાં પણ લાંબા પગ કરીને સુતેલા જોયા નથી.

મેં મારા ઉસ્તાદને કહ્યું કે, હઝરત એકાંતમાં તો પગ લાંબા કરીને આરામ કરો તો આપે જવાબ આપ્યો કે એકાંતમાં પણ ખુદાની સામે બા અદબ રહેવું જોઈએ.

## સફરજનનું રહસ્ય

એક વખત હઝરત ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) પોતાના સાથીદારો સાથે મસ્જિદમાં બેઠેલા હતા. એવામાં એક ઔરત આવી અને હઝરતની સામે આવી ચુપચાપ એક સફરજન મુકી દીધું. આ સફરજનનો અડધો રંગ લાલ અને અડધો પીળો હતો. હઝરતે આ સફરજનના છરી વડે કાપીને બે ટુકડા કરી નાખ્યાં. પેલી બાઇ (સ્ત્રી) બન્ને ટુકડા લઇને ચાલી ગઈ, અને કાંઇ પણ બોલી નહી.

આ બનાવથી સાથીદારોને ઘણું આશ્ચર્ય થયું. આ શું કહેવાય ? આ બનાવમાં ચોક્કસ કોઇ ભેદ છુપાયેલો છે. સાથીદારોએ હઝરત ઇમામ સાહેબને પુછયું કે આ શું થયું ? અમારી સમજમાં કોઈ વાત આવતી નથી.

ત્યારે ઈમામે આઝમ (રદીયલ્લાહો અન્હો) એ જવાબ આપ્યો કે આવનાર સ્ત્રીએ મને એક મસઅલો પુછયો અને મેં તેને જવાબ આપ્યો છે. સાથીદારોએ ફરમાવ્યું કે એ મસઅલો શા બાબતનો હતો? તો આપે જવાબ આપ્યો કે જે સફરજન મારી સામે મુકયું તે બે રંગનું હતું. થોડુંક લાલ

અને થોડુંક પીળું હતું. એટલે આ ઔરતને લાલ અને પીળુ એમ બે રંગનું હૈઝ આવે છે. એટલે તેણે મને સવાલ કર્યો કે આ હૈઝ ગણાય કે નહીં? ત્યારે મેં અફરજનને કાપીને તેમાથી અંદર ભાગ તેને બતાવ્યો અને તેના પ્રશ્નનો જવાબ આપી દીધો કે જ્યાં સુધી ખુનનો રંગ આવો સફેદ ન થાય ત્યાં સુધી તે હૈઝ ગણાશે.

આ કિસ્સામાં છૂપાયેલા ભેદી મસઅલાનો કેવા સંકેત પૂર્વક જવાબ અપાયો છે. તમામ સાથીદારો પણ તાઅજ્જુબ કરવા લાગ્યા.

## હનફી ફિકહની શરૂઆત

ઇમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો) પોતાના ઉસ્તાદની હયાતીમાંજ મહાન ફકીહ બની ગયા હતા કુરઆન અને હદિષ પરથી મસાઈલ બનાવવામાં મહારત પણ મેળવી લીધી. પરન્તુ જ્યાં સુધી આપના ઉસ્તાદ હયાત રહયા ત્યાં સુધી આપે પોતાના ઉસ્તાદના અદબને લઈને પોતાના મસાઇલને જાહેર કર્યા નહીં અને પોતાની જુદી દર્સગાહ પણ બનાવી નહીં.

ઉસ્તાદના અવસાન પછી કુફાવાળાઓએ આપને ઉસ્તાદની ગાદી સોંપી અને દર્સો તદરીસનો સીલસીલો જોર શોરથી ચાલવા લાગ્યો આ વખતે આપને એમ થયું કે મુસલમાનોના રોજીંદા જીવન વ્યવહારના મસઅલાઓ કુરઆને પાક અને હદિષશરીફથી શોધીને એકઠા કરવા જોઇએ

જેથી કરીને મુસલમાનોને જે મસઅલાઓ શોધવામાં તક-
લીફ પડે છે તે ન પડે.

આ કાર્ય સહેલું ન હતું. આ માટે તો ઘણા ઇલ્મ-
વાળા સમજદાર આદમીની જરૂરત હતી. આ કાર્ય જેટલું
જરૂરી હતુ એટલું જ અઘરૂ પણ હતું. પરન્તુ અલ્લાહ
તઆલાએ આ કાર્યને અંજામ આપી શકે તેવી કોઈ
શકિતશાળી વ્યકિત તરીકે દુનિયામાં જો કોઇને મોકલ્યા
હોય તો તે ફકત હઝરત ઈમામે આઝમ અબુ હનીફા
[રદીયલ્લાહો અન્હો] ની જ જાત હતી. અલ્લાહ તઆ લાએ
આપમાં એ તમામ ગુણોનો ખઝાનોભર્યો હતો જેની
અહીંયા જરૂરત હતી. આ મહાન કાર્ય કે જેને દેશ અને
કોમને ઘણી જ જરૂરત હતી એ અતિ મુશ્કેલ કાર્ય ને પાર
પાડવા માટે એક ખાસ સમય કાઢીને જ આ કાર્યને હાથ
ધરાય તો જ કામયાબી મળે તેમ હતી.

આપણા ઇમામ સાહેબ ના શીરે જવાબદારીઓનો કોઈ
પાર ન હોતો. એકબાજુ કાપડના વહેપારના ધંધાની તરફ પણ
ધ્યાન આપવાનું બીજી બાજુ તાઅલીમી દોર પણ ચાલુ.
ઘરની પણ સંપુર્ણ જવાબદારી આપના એકલા હાથે. આ
કાર્યને પાર પાડવું મુશ્કેલ તો હતું જ પણ આપણા ઇમામ
સાહેબ એમ કાંઇ હિમ્મત હારે એવા તો હતા જ નહીં.
કોમ અને દીનની જેટલી મહોબ્બત હતી એટલી આપને
ધંધા સાથે ન હતી, આપે નિર્ણય કરી લીધો કે આ કાર્ય

ને અંજામ આપવું જ.

ફકત એક પોતાની જાણકારીના આધારેજ નહીં કિન્તુ આપે આ માટે પોતાના કેટલાક ખાસ શાગીર્દો (શિષ્યો) ની પણ મદદ લેવાનું નકકી કર્યું. જેમાં હઝરત કાઝી અબુ યુસુફ (રહેમતુલ્લાહ અલૈહ), હઝરત દાઉદ તાઇ (રહેમતુલ્લાહ અલૈહ), હઝરત ઇમામ મોહમ્મદ [રહેમતુલ્લાહ અલૈહ] અને હઝરત ઇમામ ઝફર [રહેમતુલ્લાહ અલૈહ]ના નામ ખાસ ગણાવાય છે. હિ. સ. ૧૨૧ માં આપે આ બુઝુર્ગોની એક મજલીસ [કમિટી] બનાવી અને આપની સદારતમાં આ કમિટી હનફી ફીકહના મસઅલા જગત સમક્ષ મુકવામાં કામયાબ રહી.

## હનફી ફીકહનો રિવાજ

ઇમામ સાહેબની દેખરેખ નીચે ફીકહ હનફીયાહનો સંગ્રહ તૈયાર થઈ ગયો અને ફકત મક્કાએ મુઅઝ્ઝમા અને મદીનાએ મુનવ્વરા સિવાય દુનિયાના તમામ ખૂણે ખૂણે તેનો બહોળો પ્રચાર થયો. મક્કા શરીફ અને મદીના શરીફમાં હનફી ફીકહ નું ઓછુ ચલણ હોવાનું મુખ્ય કારણ એ હતું કે ત્યાં હઝરત ઇમામ શાફઇ [રદીયલ્લાહો અન્હો], હઝરત ઇમામ માલિક [રદિયલ્લાહો અન્હો] અને હઝરતઇ મામ એહમદ હમ્બલ [રદીયલ્લાહો અન્હો] જેવી મહાન હસ્તીઓ મૌજુદ હતી. જયારે આપણા ઇમામ સાહેબ ઈરાકમાં હતા અને કુફા આપની કર્મ ભુમિ હતી. તેમ છતાંય ફિકહે હનફીયાહને દુનિયાના તમામ મુસ્લીમ મુલ્કોમાં ઘણો વેગ

મળ્યો છે જેમાં ઇરાક, ભારત, પાકિસ્તાન, ચીન, તુર્કી અફઘાનીસ્તાન અને સિરીયા વિગેરેનો સમાવેશ થાય છે.

ઈમામ સાહેબની હયાતીમાં તૈયાર થયેલા આપના ફીકહી સંગ્રહમાં કુલ ૧૨ લાખથી વધુ મસઅલાઓ હોવાનો અંદાજ છે. જે માનવ જીવનને લગતા તમામ પાસાઓને આવરી લેતા હતા. તેમાં ઘર સંસાર, રાજકારણ, દિવાની, ફોજદારી, ખેતી ઉદ્યોગ, વારસાપણું, વસીયત વિગેરે તમામ વિષયોને આવરી લીધા હતા. ખલીફા હારૂન રશીદ જેવી મોટી હકુમત પણ હનફી ફીકહના આધારેજ ન્યાય આપતી હતી અને આપની તકલીદ કરતી હતી.

ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો)ને ફકત અરબ સિવાય જગતના તમામ દેશોમાં જે સફળતા હાંસિલ થઇ છે તેવી બીજા કોઈ ઇમામને મળી નથી. તેનું મુખ્ય કારણ એ હતું કે માનવ જીવનમાં આવતા તમામ મસઅલાઓનો યોગ્ય અને સરળ ઉકેલ હનફી ફીકહમાં આપવામાં આવ્યો છે અને વળી તે કુરઆને પાક અને હદિષ શરીફના ફરમાન મુજબ છે. તેથી ઇમામે આઝમ અબુહનીફા (રદીયલ્લાહો અન્હો)ના ફીકહનો બહોળો પ્રચાર થયો અને આ પ્રચાર માટે આપના કેટલાક ખાસ શાગીર્દોએ ઘણીજ મહેનત અને ઝહેમત ઉઠાવી છે. આજ સુધી થઈ ગયેલા દુનિયાના મોટા સત્તાધીશો (બાદશાહો) પણ હનફી મસલકના હતા.

આજે જગતમાં મુસ્લીમોની કુલ સંખ્યામાં ફકત હનફી મુસ્લીમોની સંખ્યા પંદર (૧૫) કરોડની (લગભગ) મૌજુદ છે.

## "ઈમામ સાહેબનો નાશવંત જગતથી ત્યાગ"

ખલીફા મન્સુરે હઝરત ઈમામ સાહેબને કાઝીપદ સંભાળવા માટે કહ્યું. આપે તેનો ઇન્કાર કરી દીધો. ખલીફાના ફરમાનનું ઈન્કાર થતાં ખલીફા મન્સુરે આપને બગદાદમાં કેદ કરી લીધા અને જેલખાનામાં મોકલી આપ્યા. ઈમામ સાહેબ જેલખાનામાં ગયા ત્યાર બાદ તો આપની લોકચાહનામાં ઓર વધારો થયો. લોકો આપને પહેલા કરતાં પણ વધુ ઈજ્જતની નજરથી જોવા લાગ્યા અને ખલીફાથી લોકો નારાજ થયા

કેદખાનામાં ઇમામ સાહેબ થોડાક દિવસ તો ચુપ રહ્યા પરન્તુ જે આખો દિવસ દીની તાઅલીમમાં લાગેલ હોય, દર્સો તદરીસના જે ખાસ ચાહક હોય તેમને આવુ એકલું પડી રહેવું શી રીતે ગમે? આપે ખલીફાને પત્ર દ્વારા કેદ-ખાનામાં તાઅલીમી સીલસીલો ચાલુ રાખવા માટે રજા માંગી કે મને કેદખાનામાં મારા શાગીર્દોને તાઅલીમ આપી શકું તેવો બંદોબસ્ત કરવામાં આવે. ખલીફાએ આપની માંગણી મંજુર કરી અને આપણા ઇમામ સાહબે જેલમાં પણ મદ્રેસો ચાલુ કરી દીધો. હિ. સ. ૧૪૬ થી હિ સ. ૧૫૦ સુધી આપ જેલમાં નજર કેદ રહ્યા અને ત્યાં પણ દીની ખિદમતને અંજામ આપતા રહ્યા.

ફિકહે હનફીયાહના સ્તંભ ગણાતા આપના ખાસ શાગીર્દ હઝરત ઈમામ મોહમ્મદ (રહેમતુલ્લાહ અલૈહ)એ જેલખાનામાંજ આપની પાસેથી તાઅલીમ મેળવી હતી.

ખલીફા મન્સુરને ઇમામ સાહેબ તરફથી એ બીક હતી કે જો હું હવે તેમને છોડી દઈશ તો તેઓ મારા પ્રતિસ્પર્ધી ખલીફાને સહકાર આપશે અને તેની ઉશ્કેરણી કરશે અને લોકો પણ ઇમામ સાહેબની તરફદારી કરશે તો મારૂં શાસન ડોલી ઉઠશે, એટલે ખલીફા હઝરત ઈમામે આઝમ અબુહનીફા (રદીયલ્લાહો અન્હો)ને જેલખાનામાંજ ઝેર આપી દે છે.

ઈમામ સાહેબને ઝેરના અસરની તરતજ ખબર પડી જાય છે. આપ પોતાના શાગીર્દોને વસીયત કરે છે કે, મને ખીઝરાના મકબરામાં દફન કરજો અને પછી આપ મસ્જિદમાં જાય છે અને સજદાહની હાલતમાંજ ઇસ્લામી તા. ૧૫ મી રજ્જબ હી સ. ૧૫૦ ના દિવષે લાખોના લાડીલા રૂહાની પેશવા આ નાશવંત જગતથી કાયમી વિદાય લે છે.

**"ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન"**

ઇમામ સાહેબના ઇન્તકાલની ખબર વીજળી વેગે ફેલાઇ જાય છે. જ્યાં જ્યા ખબર પહોંચે છે, ત્યાં ત્યાં ગમ અને સદમાનાં વાદળો ઘેરાયા હોય તેવું ગંભીર માયુશ વાતાવરણ ઉભુ થાય છે. પોતાના વ્હાલા ઇમામના આખરી દીદાર માટે અને નમાઝે જનાઝામાં શામીલ થવા લોકોના ટોળે ટોળા ઉભરાય છે. બગદાદ શહેરમાં જાણે સોંપો પડી ગયો હોય તવું

લાગે છે. ઝોહર પહેલા આપની નમાઝે જનાઝામાં ૫૦ હજાર આદમીની મેદની હતી. અસરની નમાઝના સમયની આસપાસ લાખોના લાડીલા રૂહાની પેશ્વાની દબદબા પૂર્વક દફન વિધી થાય છે

દફન થયા પછી આજદિન સુધી દુર દુરથી ફાતેહાખ્વાની માટે લોકોની વણથંભી વણઝાર ચાલુ જ છે.

હિ. સ ૪૫૯ માં સુલતાન સલજોકી કે જે હઝરત ઇમામે આઝમ અબુ હનીફા (રદીયલ્લાહો અન્હો)થી ઘણીજ અકીદતમંદી રાખતા હતા. તેઓએ આપના મઝાર મુબારક પર એક શાનદાર રોઝો બંધાવ્યો છે અને રોઝાની પાસે એક દીની દર્સગાહ (મદ્રસો) પણ બનાવ્યો છે. બહારથી આવનાર મુસાફરોની સગવડ સચવાય તે માટે એક મુસાફરખાનું પણ બંધાવ્યું છે. આજે પણ બગદાદ શરીફમાં અન્ય રોઝાઓ ની સાથે ઈમામ સાહેબના રોઝાને પણ ઘણીજ અકીદતની નજરોથી જોવામાં આવે છે.

## મયદાને મહેશરમાં

હઝરત નોફેલ બીન હયાન (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે, મેં હઝરત ઇમામે આઝમ (રદીયલ્લાહો અન્હો)ને તેમની વફાત પછી ખ્વાબમાં જોયા તો આપ મયદાને હશ્રમાં હાજીર છે. લોકોનો હિસાબ થઈ રહ્યો છે. હુઝુર શફીઉલ મુઝનબીન રસુલે ખુદા હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હવઝે કવસર પર તશરીફ ફરમાં છે. આપની

જમણી અને ડાબી બન્ને બાજુએ બે નુરાની ચહેરાવાળા બુઝર્ગો ઉભા છે. તેમના ચેહરા ચાંદની જેમ ચમકી રહ્યા છે તેમનો લીબાશ અને દાઢીઓ સફેદ નુરાની હતા અને હુજુર નબીએ કરીમ (સલલ્લાહો અલયહેવ સલ્લમ)ના નજદીક હઝરત ઈમામ સાહેબ પણ ઉભા છે. મેં હઝરત ઈમામ સાહેબ પાસે પાણી માંગ્યું, તો આપે ફરમાવ્યું કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની રજા વિના હું તમને પાણી આપી શકતો નથી. પછી હુજુરે પાણી આપવા માટે ઈમામ સાહેબને રજા આપી. મેં તે પાણી પીધુ અને પુછ્યું કે હુજુરની જમણી પડખે અને ડાબી બાજુએ જે બુઝુર્ગો ઉભા છે તે કોણ છે? તો ઈમામ આઝમ (રદીયલ્લાહો અન્હો)એ ફરમાવ્યું કે, જમણી બાજુએ જે બુજુર્ગ ઉભા છે તે અલ્લાહના ખલીલ [દોસ્ત] પયગમ્બર હજરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ છે અને ડાબી બાજુએ જે બુઝુર્ગ છે તે અમીરૂલમોમેનીન હઝરત અબુબક્કર સીદ્દીકે અકબર [રદીયલ્લાહો અન્હો] છે.

આ વાકેઆ ઉપરથી જાણવા મળે છે કે આપણા ઇમામ હઝરત ઈમામે આઝમ અબુ હનીફા નોઅમાન બીન સાબીત [રદીયલ્લાહો અન્હો]ને હજુર પુર નુર નબીએ કરીમ [સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ]થી કેટલી નિકટતા હતી. આથી આપનો દરજ્જો કેટલો ઉચ્ચ છે તે સહેજે સમજી શકાય તેવી વાત છે.

**[ફકત અલ્લાહ બહેતર જાણકાર છે.]**

—: સમાપ્ત :—

# એક નજર ઇધર ભી....

**હૈદરી કમિટી (સુન્ની)** રાજકોટના એક ખાસ હમદર્દ અને અમારા મુરબ્બી જેઓ આ સંસ્થાને અવાર નવાર તન, મન અને ધનથી ઈમદાદ ફરમાવતા રહે છે. તેઓએ કિતાબ **"હઝરત ઇમામે આઝમ"** (રદીયલ્લાહો અન્હો) ની ચાલુ ઈશાઅત માટે ૧૦૦૦ નકલ તેઓના મર્હુમ વાલેદૈનના ઇસાલે સવાબ અર્થે વકફ ફરમાવેલ છે.

પરવર દિગારે આલમ તેના પ્યારા હબીબ તાજદારે મદીના રહેમતે આલમ નુરે મુજસ્સમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સદકામાં તેમની આ નેક સખાવત કબુલ ફરમાવી તેમના વાલેદૈન ને જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. **આમીન**

તેઓ પોતાનુ નામ જાહેર કરવા માગતા ન હોઈ ખુફીઆ દુઆ માટે અપીલ કરેલ છે.

દુઆગો

વ્યવસ્થાપક

**હૈદરી કમિટી (સુન્ની) રાજકોટ**

" ખુદા મગફેરત ફરમાવે "

— આમીન

આપણાથી હજારો માઈલ દુર, સાત સમંદર પાર વિદેશમાં વસતા મૂળ પોરબંદરના રહેવાસી જનાબ **યુસુફભાઇ એ. રાવલ્યા** એ આ કિતાબની ૧૦૦૦ નકલ પોતાના મહુર્મોના ઇસાલે સવાબ અર્થે છપાવી વિના મૂલ્યે **હૈદરી કમિટી (સુન્ની)** રાજકોટ દ્વારા તકસીમ કરાવવાની એક મહાન દીની ખીદમત અંજામ આપેલ છે.

ખુદાવંદે કરીમ તેના પ્યારા મહેબુબ શાફેએ મહેસર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સદકામાં મહુર્મોની મગફેરત ફરમાવે અને જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન ફરમાવે અને — —

**જનાબ યુસુફભાઇ એ. રાવલ્યાની** આ દીની ખીદમત અને નેક સખાવત કબુલ ફરમાવી તેઓને દીનો-દુનિયાની દૌલતથી માલામાલ કરે. — **આમીન**

વ્યવસ્થાપક

# હૈદરી કમિટી (સુન્ની) રાજકોટ